# બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# ઉડાઉ દીકરો



લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Alastair Paterson; Lazarus
અનુકૂલન : Ruth Klassen; Sarah S.
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
નિર્માતા : Bible for Children
www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada

©2020 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.





ઈશ્વરની માફી વિશે જણાવવા માટે ઈસુને બહુ ઈચ્છા થઈ આવી. પણ યહૂદી આગેવાનોએ ફરીયાદ કરી કે તે તો પાપીઓનો મિત્ર છે. તેથી ઈસુએ તેઓને ત્રણ વાર્તાઓ કહી કે, જ્યારે પાપી પોતાના પાપનો પસ્તાવો કરે છે ત્યારે ઈશ્વરને આનંદ થાય છે.


પ્રથમ વાર્તા હતી કે એક માણસ પાસે સો ઘેટાં હતાં. તેમાંથી એક ખોવાઈ ગયું.
એ જ સમયે ઘેટાંપાળક પોતાના નવ્વાણું ઘેટાંને મૂકીને એકને શોધવા નીકળ્યો.
3
ઘેટા પાળકને જ્યાં સુધી તે ઘેટું મળ્યુ નહી ત્યાં સુધી તેણે તેની ખોજ કરી. જ્યારે તેને તે મળી આવ્યું ત્યારે તેને ખભા પર મૂકીને આનંદભેર ઘરે આવ્યો. તેણે તેના મિત્રોને કહ્યું,
“મારી સાથે આનદ કરો કારણ કે મારું જે ખોવાયેલું ઘેટું તે પાછુ મળ્યું છે.”
4
ઈસુએ સમજાવ્યું કે જ્યારે એક પાપી પસ્તાવો કરે છે ત્યારે સ્વર્ગમાં ખૂબ જ આનંદ થાય છે. પસ્તાવો કરવાનો મતલબ - પોતાના માટે દુ:ખી થવું અને તેને છોડી દેવા.
5
ઈસુની બીજી વાર્તા એક સ્ત્રીની હતી કે જેની પાસે દસ ચાંદીના સિક્કા હતા, કદાચ તેના આખા જીવનમાંથી બચાવેલી ચીજમાંની હશે. એક ભયંકર બિના બની. તેનો એક સિક્કો ખોવાઈ ગયો.
6
આ સ્ત્રી આખું ઘર … વાળ … વાળ … વાળ કર્યુ. આખરે તેનો ખોવાયેલો સિક્કો મળી ગયો. તે ખૂબ જ ખુશ હતી. તમે ધારી શકો છો કે તેણે શું કર્યુ હશે. હા, એમ જ તેણીએ તેના મિત્રોને કહી બતાવ્યું.
7
ઈસુએ શીખવ્યું, “જ્યારે એક પાપી પસ્તાવો કરે છે ત્યારે ઈશ્વરના સ્વર્ગદૂતો પણ આનંદ કરે છે.”
8


ઈસુએ જે છેલ્લી વાર્તા કરી તે
નિરાશાભરી હતી. તે વાર્તા જણાવે
છે કે તે છોકરો પોતાના પિતાને
મૂકીને ચાલ્યો ગયો.
9


દૂર દેશમાં જઈને આ છોકરાએ બધા પૈસા મૂર્ખતાભરી બાબતો પાછળ ખર્ચી
નાંખ્યા. હવે તે શું કરવાનો હતો. વધારામાં પાછો તે દેશમાં દુકાળ પડ્યો.
તે ભૂખે મરવા લાગ્યો.
10


આ ભૂખે મરતા છોકરાને ભૂંડોને ચરાવવાની નોકરી મળી. પણ કોઈ તેને
કશું ખવડાવતુ નહીં. કદાચ તેણે ભૂંડનું ભોજન પણ ખાઈ લીધું હોત. કદાચ
તેણે એવું કર્યું પણ હશે. આખરે તે છોકરાને બુદ્ધિ આવી. “મારા પિતાના
ઘરે મજૂરો ખૂબ જ સારું ખાય છે.” તેણે વિચાર્યું.
11


“હું ઘરે જઈશ અને મારા
પિતાને કહીશ કે પિતા હું
મારા પાપ માટે પસ્તાવો
કરું છું. હું તમારો દીકરો
કહેવડાવવાને માટે યોગ્ય
નથી. તારા મજૂરોના
જેવો મને ગણ.”
12


જ્યારે તે છોકરો દૂરથી આવતો હતો. ત્યારે તેના પિતાએ તેને જોયો.
આનંદભેર પિતા તેના પાછા આવતા દીકરા ભણી દોડી ગયા. તેણે
તેને ચૂંબન કર્યું અને આલિંગન કર્યું.
13


“પિતા મેં પાપ કર્યું છે. હું
તારો દીકરો કહેવાને માટે
યોગ્ય નથી.” આ છોકરો
તેના પિતાને કહેવા માંગતો
હતો કે તું મને તારા એક
મજૂરોમાંનો ગણીને કામ પર
રાખ. પણ પિતા ત્યાં ખલેલ
પહોંચાડી. મારા દીકરા માટે
સૌથી સારો જામો લાવો.
ચંપલ લાવો. સોનાની
અંગૂઠી પહેરાવો - મોટી
મિજબાની રાખો.
14

ત્યાં મોટી મિજબાની થઈ. કારણ કે જે છોકરો ખોવાયો હતો તે પાછો મળ્યો હતો. ઈસુએ આ વાર્તાઓ કહી, તે દ્વારા તે બતાવવા માંગતો હતો કે ઈશ્વર જ્યારે પાપી પસ્તાવો કરીને તેની પાસે આવે છે ત્યારે તે કેટલો બધો પ્રેમ કરે છે.





ઉડાઉ દીકરો

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

લુક ૧૫

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦



# સમાપ્ત

45 60



આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬